**નવી બાબત ૨૦૧૯-૨૦**

સમરસ છાત્રાલયોના વહીવટ માટે કર્મચારીઓનું વેતન તથા ભોજન અને અન્ય ખર્ચ બાબત

રૂ.૧૮૩.૭૯ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ છતલ/૧૦૨૦૧૯/૨૫૬૯૧૩/ન.બા-૭૬/અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૦૯/૦૯/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૩/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ વિજાક/સમરસ છાત્રાલય/ન.બા./૨૦૧૯-૨૦/૮૯૨-૮૯૫

**આમુખઃ-**

હિંમતનગર – જિ.સાબરકાંઠા ખાતેના સમરસ છાત્રાલયનું બાંધકામનું સિવિલ વર્ક પૂર્ણતા આરે છે અને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી છાત્રાલય કાર્યરત થનાર છે. જેથી હિંમતનગર જિ.સાબરકાંઠા ખાતે ૨૫૦ વિદ્યાર્થીઓ માટે સમરસ કુમાર છાત્રાલય અને ૨૫૦ વિદ્યાર્થીનીઓ માટે સમરસ કન્યા છાત્રાલય એમ કુલ ૫૦૦ વિદ્યાર્થીઓ માટે કુલ – ૨ સમરસ છાત્રાલયો આગામી વર્ષથી શરૂ થનાર હોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને રહેવા-જમવા તથા અન્ય વહીવટી કર્મચારીઓ તેમજ અન્ય સુવિધાઓ ઊભી કરવાની જરૂરીયાત છે. હાલમાં સમરસ છાત્રાલયમાં પ્રવર્તમાન નિયમ મુજબ ઉક્ત ૨ છાત્રાલયોના ૫૦૦ વિદ્યાર્થીઓ માટે નિભાવ, વિજળી, સફાઇકામ, ગાર્ડનીંગ અને સંચાલન માટે થનાર કુલ ખર્ચ રૂ.૩૩૪.૧૭ લાખ પૈકી વિકસતી જાતિના ૫૫ ટકા લેખે રૂ.૧૮૩.૭૯ લાખની નવી બાબત માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે હિંમતનગર જિ.સાબરકાંઠા ખાતે ૨૫૦ વિદ્યાર્થીઓ માટે સમરસ કુમાર છાત્રાલય અને ૨૫૦ વિદ્યાર્થીનીઓ માટે સમરસ કન્યા છાત્રાલય એમ કુલ ૫૦૦ વિદ્યાર્થીઓ માટે કુલ – ૨ સમરસ છાત્રાલયોના વહીવટ માટે કર્મચારીઓનું વેતન તથા ભોજન અને અન્ય ખર્ચ માટે રૂ.૧૮૩.૭૯ લાખ (અંકે રૂપિયા એકસો ત્યાસી લાખ ઓગણએંસી હજાર પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતા હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ ROP-2016/ Pay-Matrix Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રીની કચેરીની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય

સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખત બેકલોગની જગ્યા હોય તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પુરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) નવી મંજૂર કરેલ જગ્યાઓની સેવાઓ જો આઉટસોર્સથી લેવાની હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇઓ ધ્યાને લેવાની રહેશે તથા જગ્યાઓ ભરવા ઉક્ત ઠરાવની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) ૧૧ માસ માટે કરારથી ફિક્સ પગારના ધોરણે જગ્યાઓની ભરતીની લાયકાતો અને ભરતીના નિયમો અને સેવાઓની બોલીઓ અને શરતો મંજૂર કરાવ્યા બાદ આ જગ્યાઓની ભરતીની કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫ – અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટા સદર: ૧૫-ઓબીસી –

૬-સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૭/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(વિજય પી. ચોટલિયા)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ